ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ
બ્લોક નં. ૨, ૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
www.gueedc.gujarat.gov.in
E-Mail ID: swi1-gueedc-gnr@gujarat.gov.in

## સ્વરોજગાર લક્ષી લોન યોજના હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત લાન અરજી કરવામાટેની જાહેરાત

ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત સ્વરોજગારલક્ષી નાના પાયાના વ્યવસાય / વાહન લોન યોજનાનો લાભ લેવા માટે બિનઅનામત વર્ગના અરજદારો પાસેથી ઓનલાઇન અરજીઓ તા.૨૨/૦૬/૨૦૨૬ થી તા.૨૨/૦૭/૨૦૨૬ સુધી ઓનલાઇન પોર્ટલ ખોલવામાં આવનાર છે.

આ યોજનાનો લાભ લેવા, નિગમના પોર્ટલ **esamajkalyan.gujarat.gov.in** પરથી ઓનલાઇન અરજી કરી તેમાં જણાવેલ આધાર અપલોડ કરવાના રહેશે. ઓનલાઇન ફોર્મ ભરવામાં મદદરૂપ થઈ શકે તે માટે યોજનાની પાત્રતાના માપદંડો, નમુનાનુ ફોર્મ, નિયત સોગંદનામા, જરૂરી જોડવાના આધારોની યાદી, FAQs, **esamajkalyan.gujarat.gov.in** ના હોમ પેજ પર નિગમ / Corporation મેનુમાં ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ / Gujarat Unreserved Education and Economical Development Corporation ના સબ મેનુ માંથી મેળવી લેવાની રહેશે. મહત્વની, સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

**મહત્વની માર્ગદર્શક સુચનાઓ**

(૧) અરજદાર ગુજરાતના વતની હોવા જોઇએ અને બિનઅનામત વર્ગના હોવા જોઇએ
(૨) અરજદારની ઉમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇએ
(૩) કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૬.૦૦ લાખ કે તેથી ઓછી
(૪) પુરૂષો માટે વાર્ષિક ૫ ટકા લેખે સાદુ વ્યાજ અને મહિલાઓ માટે વાર્ષિક ૪ ટકા લેખે સાદુ વ્યાજ
(૫) તમામ દસ્તાવેજ અસલ અપલોડ કરવાના રહેશે.
(૬) અપલોડ કરેલ દસ્તાવેજ સ્પષ્ટ વાંચી શકાય તેવા હોવા જોઇશે.
(૭) અરજીમાં સંપૂર્ણ અને સાચી વિગતો રજુ કરવાની રહેશે. ખોટી વિગતો / અધુરા દસ્તાવેજો વાળી અરજીઓ રદપાત્ર ગણી નામંજૂર કરવામાં આવશે. અધૂરી વિગતો રજૂ કરવાની કોઇ તક મળશે નહી.
(૮) લોનની કુલ રકમ રૂ.૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો ધિરાણની રકમથી દોઢ ગણી કિંમતની મિલકત પર બોજાનોંધ કરાવવાની રહેશે / લોનની કુલ રકમ રૂ.૭.૫૦ લાખ કરતા વધતી હોય તો તે કુલ રકમ જેટલી રકમની મિલકત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.
(૯) વર્ષ ૨૦૨૫-૨૬ની જાહેરાતમાં અરજી કરેલ અરજદારોએ અરજી કરવાની રહેશે નહી.

ઉપર્યુક્ત જાહેરાત સંદર્ભમાં મળેલ લોન અરજીઓ સરકારશ્રીના નીતિ નિયમોને આધિન તથા વહીવટી / નાણાંકીય જોગવાઇને ધ્યાને લઇ મંજૂર / નામંજૂર કરવાનો આખરી નિર્ણય ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરનો રહેશે.

મેનેજિંગ ડિરેક્ટર
ગુ.બિ.અ.શૈ.અને.આ.વિ.નિ.
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ :- ૨૧/૦૬/૨૦૨૬

(માહિતી/૬૪૯/૨૦૨૬-૨૭)